| | | | |
|---|---|---|---|
| **રજુ કર્યા તારીખ :** | ૨૯/૦૧/૨૦૨૦ | | |
| **દાખલ તારીખ :** | ૨૯/૦૧/૨૦૨૦ | | |
| **ફેંસલ તારીખ :** | ૨૮/૦૭/૨૦૨૬ | | |
| **સમય મર્યાદા :** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૬** | **૦૫** | **૨૯** |

## ખંભાતના મહે. એડીશનલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની અદાલતમાં

સેશન્સ કેસ નં. ૩૧/૨૦૨૦
આંક :

**ફરીયાદી:–** ધી સ્ટેટ ઓફ ગુજરાત

**વિ રૂ ધ્ધ.....**

**આરોપીઓ:–**
**૧.** કિરણસિંહ ભગવતસિંહ વાઘેલા, ઉ.વ. ૭૨
**૨.** ભગવતસિંહ ગાડાભાઈ વાઘેલા, ઉ.વ.૭૫,
**૩.** ઉષાબેન ઉર્ફે રૂપલ ડો/ઓ ભગવતસિંહ ગાડાભાઈ વાઘેલા, ઉ.વ.૩૨,

તમામ રહે. વટાદરા, કોટડીયા વિસ્તાર,
તા. ખંભાત, જી. આણંદ.

**ગુન્હો :–** **ઈ.પી.કો. કલમ – ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી એકટની કલમ– ૧૩૫ મુજબ...**

------------------------------

ફરિયાદપક્ષે વિ. સરકારી વકીલ શ્રી એ.એસ.જાડેજા
આરોપીપક્ષે વિ. વકીલશ્રી વી.બી.જાની

------------------------------

# -:: ચુકાદો ::-

**(૧)** આ કામના આરોપીઓ વિરુધ્ધ ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદી ધ્વારા જાહેર કરવામાં આવેલી ફરિયાદ આધારે, **ગુ.ર.નં. ૩૦૬૦/૨૦૧૭ થી ઈ.પી.કો. કલમ – ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી એકટની કલમ– ૧૩૫** વિગેરે મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ તપાસ કરનાર અમલદારે ફાઈલ કરતાં હાલનો સેશન્સ કેસ ઉપસ્થિત થયેલો છે.

## ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત :

**(૨)** આ કામના આરોપીઓએ તા.૨૨/૦૬/૨૦૧૭ ના કલાક ૧૩:૦૦ વાગ્યા દરમિયાન મોજે વટાદરા કોટડીયા વિસ્તારમા આરોપી નં.૧,૨ નાએ કોમન પ્લોટ મા આવેલ ઝાડ બાબતે કહેવા જતા ગાળો બોલી ગડદાપાટુનો માર મારી આજે તો બચી ગયા છો ફરીથી ઝાડ બાબતે કહેવા આવ્યા તો જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી મહે. જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી એકટની કલમ– ૧૩૫ વિગેરે મુજબના ગુન્હાનો આક્ષેપ છે.

## પોલીસ તપાસ અને કમીટલ કાર્યવાહી :

**(૩)** ઉપરોકત ફરીયાદના આધારે આ કામના તપાસ કરનાર અધિકારીશ્રી ધ્વારા ઉપરોકત ગુન્હાના કામે તપાસની કાર્યવાહી હાથ ધરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, જરૂરી પંચનામાઓ કરેલા તેમજ તપાસની સંપુર્ણ કાર્યવાહી અંતે હાલના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા તેઓશ્રીએ ખંભાતના એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ. પરંતુ આરોપીઓ **૧.** કિરણસિંહ ભગવતસિંહ વાઘેલા,

**૨.** ભગવતસિંહ ગાડાભાઈ વાઘેલા, **૩.** ઉષાબેન ઉર્ફે રૂપલ ડો/ઓ ભગવતસિંહ ગાડાભાઈ વાઘેલા, તમામ રહે. વટાદરા, કોટડીયા વિસ્તાર, તા. ખંભાત, જી.આણંદ સામે આક્ષેપીત ગુન્હાઓ સેશન્સ ટ્રાયેબલ હોય જેથી તેઓ ધ્વારા કેસ કમીટ કરી સેશન્સ અદાલત ખંભાતને મોકલી આપેલ હતો અને તેને સેશન્સ કેસ નં. ૩૦/૨૦૨૦ આપવામાં આવેલ હતો. ત્યારબાદ ઈન્સાફી કાર્યવાહી અર્થે અત્રેથી અદાલતમાં સદર કેસ ટ્રાન્સફર થઈ આવેલ.

(૪) ત્યારબાદ આરોપીઓને અત્રેની કોર્ટમાં હાજર કરવામાં આવતા તેઓને મારા પુરોગામી અધિકારીશ્રી ધ્વારા પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, આંક–૦૪ થી તેઓ વિરુધ્ધ આક્ષેપાયેલા ગુન્હાઓ સબંધેનું તહોમતનામુ ઘડી, તે આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવતાં આરોપીઓએ પોતાના આંક–૦૫ થી આંક–૦૭ સુધીના જવાબમાં ગુન્હો નાકબુલ કરી પોતે પોતાનો બચાવ ખાનગી વકિલ રોકી કરવા માંગતા હોવાનું જાહેર કરેલ હતું અને તેથી ત્યારબાદ આ કામ ફરિયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૫) ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**<u>મૌખિક પુરાવા</u> :–**

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજજો. | આંક |
|---|---|---|---|
| ૧. | રમેશભાઈ હરીભાઈ પટેલ | પંચ સાહેદ | ૧૧ |
| ૨. | ભાઈલાલભાઈ મેલાભાઈ ઠાકોર | પંચ સાહેદ | ૧૩ |
| ૩. | અશ્વીનકુમાર છોટાભાઈ પટેલ | પંચ સાહેદ | ૧૪ |
| ૪. | અશોકભાઈ જેઠાભાઈ પટેલ | પંચ સાહેદ | ૧૭ |
| ૫. | રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ | ફરીયાદી | ૨૩ |
| ૬. | પ્રકાશસિંહ રામસિંહ ગોહેલ | સાહેદ | ૨૫ |

| | | | |
|---|---|---|---|
| ૭. | સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલ | સાહેદ | ૨૮ |
| ૮. | નરેન્દ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલ | સાહેદ | ૩૨ |
| ૯. | ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણ | સાહેદ | ૩૩ |
| ૧૦. | કનુભાઈ શનાભાઈ ઠાકોર | સાહેદ | ૫૧ |
| ૧૧. | કમલેશભાઈ કનુભાઈ ઠાકોર | સાહેદ | ૫૨ |
| ૧૨. | મોહંમદ અખતર અબ્દુલ જમીલ | એ.એસ.આઈ | ૫૬ |
| ૧૩. | હિતેષકુમાર જશભાઈ મકવાણા | નાયબ મામલતદાર | ૬૨ |
| ૧૪. | વિનોદભાઈ બાબુભાઈ ચૌધરી | પી.આઈ. સીકકા પો.સ્ટે.જામનગર | ૬૭ |

**<u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૨ |
| ૨. | શરીર સ્થિતિ તથા હથીયાર કબ્જે કરેલાનુ પંચનામુ | ૧૫ |
| ૩. | ફરીયાદ | ૨૪ |
| ૪. | સ્ટેશન ડાયરી | ૫૭ |
| ૫. | હથીયારબંધીના જાહેરનામાની નકલ | ૬૩ |

(૬) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું ક્રિ.પ્રો.કોડ ની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીઓએ પોતાની સામેના પુરાવાની હકીકત ખરી નહી હોવાનું જણાવેલ છે અને વિશેષમાં તેઓએ જણાવેલ છે કે,'' અમોએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી પરંતુ અમો તહોમતદાર તથા પરીવારના પર ફરીયાદી તથા સાહેદો એ હુમલો કરેલ અને તે અંગે અમો તહોમતદારોએ ફરીયાદ કરેલ જેથી દ્વેષભાવ રાખી

ફરીયાદીએ તદન ખોટી ફરીયાદ આપેલ છે.

(૭) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. જીલ્લા સરકારી વકિલ શ્રી એ.એસ.જાડેજા હાજર થઈ તેમની મૌખિક દલીલ કરેલ છે અને તેઓને સાંભળવામા આવેલા છે ફરીયાદી તથા સાહેદો ફરીયાદને સમર્થન આપે છે.જેથી આરોપીઓને ગુનામા તકસીરવાન ઠરાવી સજા કરવી જોઈએ તથા ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેવા વીનંતી કરે છે.

(૮) આરોપીપક્ષના વિ.વકીલશ્રી વી.બી.જાની તેઓની મૌખિક દલીલમા એવુ જણાવે છે કે,સદર કામે કોમન પ્લોટ બાબતે ફરીયાદી કહેવા આવતા તેઓને માર મારેલ અને ધમકી આપેલાની તકરાર છે. આંક-૧૧ થી રમેશભાઈ હરીભાઈ પટેલ કે જેઓ ગુન્હાવાળી જગ્યાના પંચસાહેદ છે અને તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલા છે. આંક-૧૩ થી ભાઈલાલભાઈ મેલાભાઈ ઠાકોર કે જેઓ ગુન્હાવાળી જગ્યાના પંચસાહેદ છે અને તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલા છે. આંક-૧૪ થી અશ્વિનકુમાર છોટાભાઈ પટેલ કે જેઓ આરોપીની શરીરી સ્થિતી તથા હથીયાર કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે જેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે.આંક-૧૭ થી અશોકભાઈ જેઠાભાઈ પટેલ કે જેઓ આરોપીની શરીરી સ્થિતી તથા હથીયાર કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે જેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે.આંક-૨૩ થી રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ કે જેઓ ફરીયાદી છે અને ફરીયાદ હકીકતને સમર્થન આપે છે. આંક-૨૪ થી ફરીયાદ રજુ કરેલ છે.તેમજ તેઓ તેમની સરતપાસમા જણાવે છે કે, ઉષાબેન હાથમા ત્રિશુલ લઈને આવેલા અને મને ડાબા હાથના કાં ડા પાસે મારી દીધેલુ જેથી મને ઘસરકો પડી ગયેલો. તે ઈજાની કોઈ સારવાર કરાવેલ નથી. તેઓ ઉલટતપાસમા જણાવે છે કે કોમન પ્લોટના સર્વે નંબરની તેઓને જાણ નથી. તેમજ સદર કામે કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ

નથી.ફરીયાદથી વીપરીત જુબાની આપેલ છે.તેમજ આંક–૨૫ થી પ્રકારસિંહ રામસિંહ ગોહેલને તપાસેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, મને કોઈ ઈજા થયેલ નથી અને તે બાબતે કોઈ સારવાર કરાવેલ નથી. તેમજ કોમન પ્લોટના સર્વે નંબર શું છે તેની તેઓને ખબર નથી. આંક–૨૮ થી સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલ તેઓ જણાવે છે કે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી કે કોઈ જવાબ લીધેલ નથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલ છે. આંક–૩૨ થી નરેન્દ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલ તેમના પિતાએ સારવાર કરાવેલ કે કેમ તેની કોઈ માહીતી નથી તેવુ જણાવે છે. આંક–૩૩ થી ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણ કે જેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલા છે અને બનાવ બાબતે તેઓને કોઈ જાત માહીતી ન હોવાનુ જણાવે છે તેમજ કોમન પ્લોટ બાબતે ડે.કલેકટરમા તેઓએ અપીલ કરેલ અને તે અપીલનુ જજમેન્ટ તેઓની વિરૂધ્ધમા આવેલ. ત્યારબાદ આંક–૫૧ થી કનુભાઈ શનાભાઈ ઠાકોર ને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલા છે તેઓ તેમની ઉલટતપાસમા જણાવે છે કે, ફરીયાદી રામસિંહ ઈજા બાબતે કોઈ સારવાર કરાવેલી તેવી કોઈ જાત માહીતી નથી.આંક–૫૨ થી કમલેશભાઈ કનુભાઈ ઠાકોર તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલા છે અને તેઓ તેમની ઉલટતપાસમા જણાવે છે કે બનાવ સમયે તેઓ ભાદરણ મુકામે ગયેલ હોય તેથી તેઓને બનાવની જાત માહીતી નથી. આંક–૫૬ થી પી.એસ.ઓ મોહંમદ અખતર અબ્દુલ જલીમ કે જેઓએ સદર ગુનાની ફરીયાદ લીધેલ છે અને તેઓ તેમની ઉલટતપાસમા જણાવે છે કે, ગુનાના કામે આરોપીઓને એરેસ્ટ કરવામા આવેલ ત્યારે તેઓએ ફરીયાદ આપેલી હોવાની હકીકત જણાવે છે.આંક–૬૨ થી હીતેષકુમાર જશભાઈ મરવાણા કે જેઓ નાયબ મામલતદાર છે અને તેઓ જણાવે છે કે જાહેરનામાની જાણ તેઓને ઓફીસ કોપી થી કરવામા આવેલી અને વટાદરા ગામે જાહેરનામાની પ્રસિદ્ધી કરવામા આવેલ

કે કેમ તેની તેઓને જાણ નથી. તેમજ આંક–૬૭ થી તપાસ કરનાર અમલદાર વિનોદભાઈ બાબુભાઈ ચૌધરી કે જેઓ જણાવે છે કે આ કામના ફરીયાદીએ ફરીયાદ તેઓને એરેસ્ટ કર્યા બાદ આપેલી હતી. તેઓ તેમની ઉલટતપાસમા જણાવે છે કે, આરોપી નં.૩ ને ગંભીર ઈજા થયેલી હતી તેથી તેઓને ઝાયડસ હોસ્પીટલમા દાખલ કરેલ અને ફરીયાદી કે અન્ય સાહેદોએ સારવાર માટે માંગણી કરેલ નથી.તેમજ ઈજા બાબતે કોઈ પુરાવાઓ રજુ કરવામા આવેલ નથી. તેમજ સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો હાલની ફરીયાદ ફકત આરોપીઓ પર દબાણ લાવવા આ ફરીયાદ કરેલ છે.

(૯) આ કામે ઉપરોકત હકીકતે બંને પક્ષકારો તરફની દલીલો તેમજ રજૂ થયેલ રેકર્ડ અને પુરાવાઓ આધારે આ કેસના આખરી નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુ દા ::–**

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૨/૦૬/૨૦૧૭ ના કલાક ૧૩:૦૦ વાગ્યા દરમિયાન મોજે વટાદરા કોટડીયા વિસ્તારમા આરોપી નં.૧,૨ નાએ કોમન પ્લોટ મા આવેલ ઝાડ બાબતે કહેવા જતા ગાળો બોલી ગડદાપાટુનો માર મારી આજે તો બચી ગયા છો ફરીથી ઝાડ બાબતે કહેવા આવ્યા તો જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી મહે. જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી એકટની કલમ– ૧૩૫ વિગેરે મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કર્યો છે ?

**૨.** શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧). નકારમાં,

૨). આખરી હુકમ મુજબ.

**(૧૧)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**-:: <u>કા ર ણો</u> ::-**

**<u>મુદા નં. ૧ અને ૨</u> :-**

**(૧૨)** મુદા નં. ૧ તથા ૨ એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતોનું પુનરાવર્તન ટાળવા બંને મુદાઓનું એકસાથે મુલ્યાંકન અને વિશ્લેષણ આ નીચે મુજબ કરવામાં આવે છે.

**(૧૩)** આ કામે ફરિયાદપક્ષ તરફથી આરોપી સામે આક્ષેપાયેલા ઈ.પી.કોડ ની કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી એકટની કલમ- ૧૩૫ વિગેરે મુજબના ગુન્હા પુરવાર કરવા ઉપરોકત વિગતે દર્શાવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખેલો છે. જેનું મુલ્યાંકન અને વિશ્લેષણ નીચે મુજબ કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષ તરફથી મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેતા ફરીયાદ પક્ષ તરફથી જે તેમનો કેસ પુરવાર કરવા માટે જે સાહેદો તપાસેલા છે તે નીચે મુજબના છે અને તેઓની જુબાની નીચે મુજબ છે.

**(૧૪)** આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક પુરાવો કે જે **ફરીયાદપક્ષને સમર્થન** કરે છે. તે નીચે મુજબ છે.

(૧૫) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૩ થી ફરીયાદી રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ ને તપાસવમા આવેલા છે. ફરીયાદી તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે '' તા.૨૨–૦૬–૨૦૧૭નાં રોજ બપોરના સાડાબારથી એક વાગ્યાના અરસામાં હું તથા મારો દિકરો પ્રકાશ તથા પોપટ તથા મારો બીજો દિકરો સુરેશ વિગેરે નાઓ ઘરે જમવા બેઠા હતાં ત્યારે કોમન પ્લોટમાં એક ક્રેન આવેલી જે ક્રેન ભગવતસિંહ ગાંડાભાઈના સંબંધીની ખેડાથી આવેલી જેથી અમો તેમને કહેવા ગયેલા તે વખતે ત્યાં ભગવતસિંહ તથા તેમની ચાર દિકરીઓ ઉષા, મીતા, રેણુ અને સીમા હતી અને કિરણ હતો તથા ભગવતસિંહના પત્નિ હાજર હતાં. તે વખતે અમોએ તેઓને એવુ જણાવેલુ કે આ કોમન પ્લોટની જગ્યા છે અને તેમા લીમડાનુ ઝાડ છે અને આ અંગે કેસો ચાલે છે જેથી હાલ કઈ કરશો નહીં. જેથી તેઓએ ઝઘડો કરેલો અને ઉપાબેન ત્રિશૂલ હાથમાં લઈને આવેલા અને મને ડાબા હાથના કાંડા પાસે મારી દીધેલુ જેથી મને ઘસરકો પડી ગયેલો અને મારા દિકરાએ પકડી લીધેલો જેથી તેનુ શર્ટ ફાટી ગયેલુ અને તે વખતે ત્યાં બધા ઘરોમા રહેતા લોકો છોડાવવા આવેલા જેથી તે લોકો તેમના ઘરે જતા રહેલા તે સિવાય બીજુ કઈ કહેલ નહીં. ત્યારપછી અમો ફરિયાદ કરવા ગયેલા અને ફરિયાદ કરેલી આ ઝઘડામા કિરણસિંહે જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલી અને તે બાબતે અમે ફરીયાદ આપેલી.''

**(૧૬)** આ કામે ફરીયાદપક્ષે આંક–૨૫ થી સાહેદ પ્રકાશસિંહ રામસિંહ ગોહેલને તપાસવામા આવેલા છે. સાહેદ તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે,'' બનાવ તા.૨૨–૦૬–૨૦૧૭નાં રોજ બપોરના સાડાબાર–એક વાગ્યાનો સુમાર હતો તે વખતે હું ઘરે ખાવા બેઠેલ હતો અને ઘરમાં મારા પરિવારના સભ્યો હતાં તે વખતે ભગવતસિંહ ગાંડાભાઈએ લીમડાનુ ઝાડ પાડવા માટે ક્રેન બોલાવેલ હતી ત્યારે બધા ફળિયાવાળા ભગવતસિંહને કહેવા ગયેલા અને કહેતા હતા કે આ લીમડાનુ ઝાડ કોમન પ્લોટમાં આવેલ હોવાથી પાડશો નહી જેથી મારા પિતા રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ ભગવતસિંહ કહેવા ગયેલા ત્યારે ઉપાબેન નિશૂલ લઈને આવેલા અને બુમાબુમ થતા હું ઘરની બહાર નીકળેલો અને આ

તિશૂલ મારા પિતાજીને મારવા જતા મેં વિશૂલ ખેંચી લીધેલુ મારુ શર્ટ ફાટી ગયેલુ મને કોઈ ઈજા થયેલ નહીં. ત્યારબાદ મને ઉપાબેન તથા કિરણસિંહ તથા બીજા બહેનો આવી મને માર મારેલો જેથી બનાવ સંબંધી મારા પિતાજીએ ફરિયાદ આપેલી. પોલીસે મારી પૂછપરછ કરી નિવેદન નોંધેલુ.''

**(૧૭)** આ કામે ફરીયાદપક્ષે આંક–૫૬ થી પોલીસ સાહેદ મોહમદ અખતર અબ્દુલ જમીલને તપાસવામા આવેલા છે. સાહેદ તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે,'' તા.૨૨/૦૨/૨૦૧૭ ના રોજ ખંભાત રૂરલ પો.સ્ટે. ખાતે પી.એસ.ઓ. તરીકે મારી ફરજ પર હાજર હતો. તે દિવસે રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ રહે. વટાદરા,તા.ખંભાતનાઓની ફરીયાદ તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલી અને તેની નીચે ફરીયાદીની સહી કરાવી રૂબરૂ તરીકે મેં સહી કરેલીઅને સદરફરિયાદની હકીકતો એ ગુનો બનતો હોય ગુનો મેં રજીસ્ટર કરેલો અને ફરીયાદ તથા વી.એચ.એફ મેસેજ તથા યાદી સહિતના કાગળો સાથે આગળની તપાસ કરવા સારૂ પો.ઈન્સ. ખંભાત રૂરલ તરફ યાદી સહિત મોકલી આપેલ.''

**(૧૮)** આ કામે ફરીયાદપક્ષે આંક–૬૨ થી સાહેદ હીતેષકુમાર જશભાઈ મકવાણાને તપાસવામા આવેલા છે. સાહેદ તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે,''ગઈ તા.૧૩/૦૬/૨૦૧૭ના રોજ અધિક જિલ્લા મેજી.શ્રી. આર.જી.જાડેજાનાઓએ તા.૧૪/૦૬/૨૦૧૭ થી તા.૨૮/૦૬/૨૦૧૭ સુધી (બંને દિવસો સુદ્ધા) નું ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૭(૩) મુજબ જાહેરનામું બહાર પાડેલું અને તે જાહેરનામાં મુજબ ચાર કરતાં વધું માણસોએ સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય એકત્રીત થવું નહી કે કોઈ સભા ભરવી નહી કે સરઘસ કાઢવો નહી. સદર જાહેર નામું અત્રેની ખંભાત મામલતદાર અને એક્ઝીકેટીવ મેજી.ની કચેરીમાં મોકલવામાં આવેલું અને તે નિયમઅનુસાર નિયત ફાઈલમાં ફાઈલ કરવામાં આવેલું.''

(૧૯) આ કામે ફરીયાદપક્ષે આંક–૬૭ થી તપાસ કરનાર અમલદાર વિનોદભાઇ બાબુભાઇ ચૌધરીને તપાસવામા આવેલા છે. સાહેદ તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે,'' હુ ખંભાત પો.સ્ટે. પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ખંભાત રુરલ પો.સ્ટે. સે. ગુ.ર.નં. ૩૦૬૦/૧૭ ની તપાસ મારા તરફ આવતા તે તપાસ મે સંભાળી લીધેલી અને તપાસના કામે લાગતાવળગતા સાહેદોના નિવેદનો લેવામા આવેલા અને આરોપી રુપલબેનનાઓએ એક લોખંડનુ ત્રીશુલ રજુ કરતા તપાસના કામે પંચનામાની વિગતે કબજે લીધેલુ,સદર ગુનાની તપાસ દરમ્યાન આરોપીઓ સામે ચાર્જશીટ કરવા જેટલો પુરાવો હોય નામદાર કોર્ટમા ચાર્જશીટ દાખલ કરેલ. તેમજ મારી તપાસ દરમ્યાન સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંગ ગોહીલનુ નિવેદન,નરેન્દ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહીલનુ નિવેદન, ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણનુ નિવેદન, કનુભાઈ શનાભાઈ ઠાકોરનુ નિવેદન,કમલેશભાઈ કનુભાઈ ઠાકોરનુ નિવેદન લીધેલુ અને તેઓના નિવેદન લખાવ્યા પ્રમાણે કોઈપણ પ્રકારના વધારા–ઘટાડા સિવાય લખી લીધેલા જે સામેલ રાખેલ છે.''

(૨૦) ફરીયાદપક્ષે જે મૌખિક પુરાવા રજુ કરેલ છે તેમા નીચે મુજબના સાહેદોને **ફરી ગયેલા (હોસ્ટાઇલ)** જાહેર કરવામા આવેલ છે.

(૨૧) ફરીયાદપક્ષે આંક–૧૧ થી રમેશભાઇ હરીભાઇ પટેલ કે જેઓ **આંક–૧૨ ના ગુનાવાળી જગ્યા**ના પંચ સાહેદ છે તેઓ જણાવે છે કે પંચનામાની કાર્યવાહીમા શું શું લખાણ કરવામા આવેલ હોય તેની તેઓને જાણ ન હોવાનુ જણાવે છે તેમજ તેમની સહી માત્ર ઓળખી બતાવે છે તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

(૨૨) ફરીયાદપક્ષે આંક–૧૩ થી ભાઇલાલભાઇ મેલાભાઇ ઠાકોર કે જેઓ **આંક–૧૨ ના ગુનાવાળી જગ્યા**ના પંચ સાહેદ છે તેઓ જણાવે છે કે પંચનામાની કાર્યવાહીમા શું શું લખાણ કરવામા આવેલ હોય તેની તેઓને જાણ

ન હોવાનુ જણાવે છે તેમજ તેમની સહી માત્ર ઓળખી બતાવે છે તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

**(૨૩)** ફરીયાદપક્ષે આંક–૧૪ થી અશ્વીનકુમાર છોટાભાઇ પટેલ કે જેઓ **આંક–૧૫ ના આરોપીની શરીર સ્થિતી તથા હથીયાર કબ્જે કર્યા** ના પંચ સાહેદ છે તેઓ જણાવે છે કે પંચનામામા શું શું કાર્યવાહી કરવામા આવેલ તેની તેઓને જાણ નથી તેમજ આરોપીઓને જોયે ઓળખતા નથી તેમજ તેમની સહી માત્ર ઓળખી બતાવે છે તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

**(૨૪)** ફરીયાદપક્ષે આંક–૧૭ થી અશોકભાઇ જેઠાભાઇ પટેલ કે જેઓ **આંક–૧૫ ના આરોપીની શરીર સ્થિતી તથા હથીયાર કબ્જે કર્યા** ના પંચ સાહેદ છે તેઓ જણાવે છે કે પંચનામામા શું શું કાર્યવાહી કરવામા આવેલ તેની તેઓને જાણ નથી તેમજ આરોપીઓને જોયે ઓળખતા નથી તેમજ તેમની સહી માત્ર ઓળખી બતાવે છે તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

**(૨૫)** ફરીયાદપક્ષે આંક–૨૮ થી સાહેદ સુરેશભાઇ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલને તપાસવામા આવેલ છે. તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

**(૨૬)** ફરીયાદપક્ષે આંક–૩૨ થી સાહેદ નરેન્દ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલને તપાસવામા આવેલ છે. તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

**(૨૭)** ફરીયાદપક્ષે આંક–૫૧ થી સાહેદ કનુભાઇ શનાભાઇ ઠાકોરને તપાસવામા આવેલ છે. તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

**(૨૮)** ફરીયાદપક્ષે આંક–૩૩ થી સાહેદ ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણને તપાસવામા આવેલ છે. તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

**(૨૯)** ફરીયાદપક્ષે આંક–પર થી સાહેદ કમલેશભાઈ કનુભાઈ ઠાકોરને તપાસવામા આવેલ છે. તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

(૩૦) **આમ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો એક સાથે વંચાણે લેતા મહત્વનો વિરોધાભાસ જણાય આવે છે તથા ફરીયાદી અને ઈજાપામનારાઓને કોઈ ઈજા થયેલ નથી કે તેઓએ કોઈ સારવાર લીધેલ નથી તેવુ સ્પષ્ટ જણાવે છે અને આમ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો માનવા યોગ્ય તથા આધારભુત કે વિશ્વશનીય કહી શકાય તેવો નથી માત્ર તેઓની સામે થયેલ ઇ.પી.કો કલમ–૩૦૭ વિગેરેના ગુન્હાના ફરીયાદી તથા સાહેદો ઉપર દબાણ લાવવા માટે હાલની ફરીયાદ આપેલાનુ જણાય આવે છે અને જેથી ફરીયાદપક્ષ આક્ષેપિત ગુન્હો પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય આ કામના તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનુ વાજબી, ન્યાયી અને યોગ્ય જણાતુ હોય, જેથી મુદ્દા નં.૦૧ નો જવાબ નકારમા ઠરાવી, મુદ્દા નં.૦૨નો નીચે મુજબ હુકમ કરુ છુ.**

## ::હુકમ::

**૧.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના આરોપીઓ **૧.** કિરણસિંહ ભગવતસિંહ વાઘેલા, ઉ.વ. ૪૨ **૨.** ભગવતસિંહ ગાડાભાઈ વાઘેલા, ઉ.વ.૭૫, **૩.** ઉષાબેન ઉર્ફે રૂપલ ડો/ઓ ભગવતસિંહ ગાડાભાઈ વાઘેલા, ઉ.વ.૩૨,તમામ રહે. વટાદરા, કોટડીયા વિસ્તાર, તા. ખંભાત, જી. આણંદ નાઓને ખંભાત રૂરલ

પોલીસ સ્ટેશન **ફસ્ટ ગુ.ર.નં. ૩૦૬૦/૨૦૧૭ થી ઈ.પી.કો. કલમ – ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી એકટની કલમ– ૧૩૫** મુજબના ગુનામાં **શંકાનો લાભ આપી નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામના આરોપીઓને આદેશ આપવામાં આવે છે કે, તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૫,૦૦૦/– જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા.

**૩.** મુદામાલ પાવતીમાં દર્શાવેલ તમામ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવો.

આ હુકમ આજ રોજ તારીખ–**૨૮,** માહે–**જુલાઈ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**(પી.એચ.શર્મા)**

તારીખ :– ૨૮/૦૭/૨૦૨૬ ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
ખંભાત. ખંભાત.

**GJ-00701**

સ્ટેનો. જે.એ.સોજીત્રા